INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૧૫-૦૮-૨૦૨૫

- **ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડા ધ્વજવંદન કરી સ્વાતંત્ર્ય દિવસની શુભેચ્છાઓ આપી.**
- **દેશના લોકોની આઝાદી બરકરાર રાખવા સંવિધાન અને લોકશાહી સર્વોપરી રહે તેવો આજના સ્વાતંત્ર દિવસે નવી આઝાદીની લડાઇ લડવા સૌ સંકલ્પ લઇએ છીએ.**
- **ભય, ભુખ, ભ્રષ્ટાચાર, તાનાશાહી, અન્યાય અને ભેદભાવની જે નીતિ છે તેની સામે લડીને નાગરિકોને વોટ ચોરીથી આઝાદી અપાવવાનો સંકલ્પ કરીએ : શ્રી અમિત ચાવડા**

આઝાદીના ૭૮ વર્ષની ઉજવણીના ભાગરૂપે રાજીવ ગાંધી ભવન, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પટાંગણમાં ધ્વજવંદન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, "રાજીવ ગાંધી ભવન કોંગ્રેસ કાર્યાલયના પટાંગણમાં કોંગ્રેસ પરિવારના તમામ વરિષ્ઠ આગેવાનો, પરિવારના સૌ સાથીઓ અને ઉપસ્થિત સૌના માધ્યમથી દેશના સ્વતંત્ર દિવસની દેશવાસીઓને ખુબ ખુબ શુભેચ્છા આપીએ છીએ.

ગુજરાત એ ગાંધી - સરદારની પવિત્ર અને ઐતિહાસિક ભૂમિ છે જ્યાથી વર્ષો પહેલા અંગ્રેજોના જોર-જુલમ અને અત્યાચાર અને ગુલામીની સ્થિતી હતી તેની સામે એક મજબુત અવાજ ઉભો થયો હતો અને સાથે સાથે દેશની આઝાદીની લડાઇનું નેતૃત્વ પણ આ સપૂતોએ આપ્યું છે. આપણા વડવાઓ અને સ્વતંત્ર સેનાનીઓએ દેશની આઝાદી માટે વર્ષો સુધી સંઘર્ષ કર્યો. કારાવાસની ચિંતા કર્યા વિના પરવા કર્યા વિના પોતાનું સર્વસ્વ બલિદાન આપીને આપણને મહામુલી આઝાદી અપાવી છે.

અંગ્રેજોની આર્થિક ગુલામી સામે ગાંધીજીએ જ્યારે દાંડીકૂચની શરૂઆત કરી હતી ત્યારે આજે આ ગુજરાત અને દેશમાં અનેક પડકારો સામાજીક અસમાનતા ઉભી થઇ છે. આર્થિક આ અસમાનતાઓ છે. કુપોષણ સામે લડવાની પણ શરૂઆત કરવી પડશે. બેરોજગારી મોટો પ્રશ્ન છે, ભ્રષ્ટાચાર મોટો પ્રશ્ન છે. આ બધાજ મુદ્દાઓ ઉપર પ્રજાલક્ષી લડાઇનું નેતૃત્વ જેમ ભૂતકાળમાં પણ કોંગ્રેસે કર્યું હતું. ભૂતકાળમાં જે લડાઇ માટેનો જઝબો હતો અને નિર્ભયતા હતી અને કમીટમેન્ટ હતું કે પરિણામની ચિંતા કર્યા સિવાય એક ધ્યેય સાથે આઝાદીની લડાઇની શરૂઆત કરી હતી અને આઝાદી મેળવી હતી. દાંડીકૂચની શરૂઆત વખતે જ્યારે કહેવાતુ હતુ કે આશ્રમની બહાર નિકળીશું તો અંગ્રેજોની ગોળીઓ અને લાઢીઓ સામે છે, કારાવાસ છે જેનામાં લડવા માટેનો જઝબો હોય જેનામાં દેશની આઝાદી માટે મરી કુટવાની તૈયારી હોય તેવા લોકો આ લડાઇમાં જોડાજો.

શરૂઆત થોડા લોકોથી થઈ હતી પણ જેમ જેમ આગળ વધ્યા આખા દેશના લોકો એમાં જોડાયા. આપ સૌના માધ્યમથી ગુજરાતમાં પણ જે પરિસ્થિતિ છે અત્યારે ભય, ભુખ અને ભ્રષ્ટાચાર સામે લડવા માટે લોકો કોંગ્રેસ તરફ મીટ માંડીને બેઠા છે માટે આજના સમયના પરિપેક્ષમાં કોંગ્રેસના કાર્યકર્તાઓએ લોકોની વચ્ચે જઇને બીજી આઝાદીની લડાઈ શરૂ કરવાનો સંકલ્પ આજના દિવસે લઈને આપણે કુપોષણ સામે લડવાનું છે, ભ્રષ્ટાચાર સામે લડવાનું છે, આપણે બેરોજગારી સામે લડવાનું છે, જે તાનાશાહી, અન્યાય અને ભેદભાવની જે નીતિ છે તેની સામે લડવાનું છે. હું માનું છું કે આ લડાઈ કોઈ કાચા મનના લોકો નહીં લડી શકે. આ લડાઈ લડવા માટે પણ જે સ્વાતંત્ર સેનાનીઓના મનમાં જે જઝબો હતો જે મરીફીટવાની તૈયારી હતી તે જ તૈયારી સાથે નિકળીશું તો આવનારા દિવસોમાં આખુ ગુજરાત પણ આ લડાઈમાં તૈયાર છે.

ફરી એકવાર ગુજરાત અને તમામ દેશવાસીઓને સ્વતંત્ર દિવસની શુભેચ્છા પાઠવું છું અને જે કોંગ્રેસની વિચારધારા છે કે જે સર્વ જાતિ, સર્વ સમાજ, કોઈપણ જાતિ, ધર્મ, ભાષા, પ્રાંતના ભેદભાવ વગર તમામ લોકો આ દેશના વાસીઓ છે. તમામ લોકો માટે કોંગ્રેસ છે. કોંગ્રેસ તમામ લોકો-સમાજને સાથે રાખીને આગળ વધશે અને તમામના વિકાસ માટે કામ કરવા માંગે છે. એજ વિચારધારાને આપણે જનજન સુધી લઈ જઈએ. અત્યારે જે પડકારો ઉભા થયા છે, આઝાદી સામે ખતરો છે. ખાલી દેશની આઝાદી નહી પરંતુ એક-એક વ્યક્તિની આઝાદી કે જેમને બોલવાની આઝાદી હોય, લખવાની આઝાદી હોય, તેના આચાર-વિચારની આઝાદી હોય, અભિવ્યક્તિની આઝાદી હોય આ બધા સામે ખતરો ઉભો થયો છે. એથી પણ મોટો ખતરો આ દેશની લોકશાહી સામે અને વોટચોરીના નામે થયો છે. હું માનું છું કે, આ પરિપેક્ષમાં પણ આ મુદ્દાઓ સહિતની લડાઈ અને આ દેશના લોકોની આઝાદી બરકરાર રાખવા સંવિધાન અને લોકશાહી સર્વોપરી રહે તેવો આજના સ્વાતંત્ર દિવસે આપણે સૌ સંકલ્પ લઈએ છીએ.'

રાજીવ ગાંધી ભવન ખાતેના પટાંગણમાં ધ્વજવંદન પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી શ્રી જગદિશભાઈ ઠાકોર, કોંગ્રેસ એગાવેનશ્રી બાલુભાઈ પટેલ, પૂર્વ સાંસદ ડૉ. અમીબેન યાજ્ઞિક, પ્રદેશ ઉપપ્રમુખશ્રી વિજય દવે, લાખાભાઈ ભરવાડ, શ્રી બિમલભાઈ શાહ, શ્રી અશોક પંજાબી, શ્રી પંકજ શાહ, પ્રદેશ મહામંત્રીશ્રી રાજુભાઈ બ્રહ્મભટ્ટ, ધારાસભ્યશ્રી ઈમરાન ખેડાવાલા, પ્રદેશ કોંગ્રેસ મહિલા પ્રમુખશ્રી ગીતાબેન પટેલ, અમદાવાદ શહેરના પુર્વ પ્રમુખ અને પૂર્વ ધારાસભ્યશ્રી હિંમતસિંહ પટેલ, અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખશ્રી સોનલબેન પટેલ, અમદાવાદ જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી રાજેશભાઈ ગોહિલ, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના ઉપનેતાશ્રી નિરવ બક્ષી, એ.આઈ.સી.સી. સહમંત્રીશ્રી શ્રી નિલેશ પટેલ, શ્રી સતિષભાઈ પંડ્યા, શ્રી જગત શુકલ, મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી, મીડીયા કો-કન્વીનર અને પ્રવક્તા શ્રી હેમાંગ રાવલ અને પ્રવક્તા શ્રી રત્ના વોરા, પ્રદેશ કોંગ્રેસ હેલ્થ કમીટીના ચેરમેનશ્રી ભીખુભાઈ દવે, સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના કાર્યકર્તાઓ-આગેવાનો, સ્થાનિકોએ રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. સેવાદળના કાર્યકારી અધ્યક્ષશ્રી પ્રગતિબેન આહિર, શ્રી કિરણભાઈ પ્રજાપતિ અને સેવાદળના સૈનિકોએ ધ્વજવંદનના કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

હેમાંગ રાવલ
મિડિયા કોર્ડીનેટર
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ